જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૯/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૮૨૭/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૪૦ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૧૦ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૮૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બીયરટીન, ૦૧ એક્ટીવા અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૨૮/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૨૯/૧૭</u>**

**આનંદનગર :** ડો.દિલીપકુમાર પ્રકાશચંન્દ્ર સંઘવી (ઉ.વ.૪૧)(રહે,લીલાવતી હોસ્પિટલ, ગોધરા મોડાસા રોડ, લુણાવાડા જી-મહીસાગર) એ તા.૯/૯/૧૭ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે મે/૨૦૧૪ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી મીહીરભાઇ પ્રવિણચંદ્ર દેસાઇ (રહે,અમર એપાર્ટમેન્ટ બેરેજ રોડ વાસણા) એ ડૉ.દિલીપકુમારને સ્તવન અવીશા ફ્લેટ નંબર બી-૪૦૩ વાળી મિલકત ઉપર ઇન્ડીયા બુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લી. પાસેથી રૂપિયા ૭૭,૯૮,૫૩૯/- અંદાજીત લોન મંજુર કરી અને શ્રેણીકભાઇ શેઠ નાઓએ લોનના હપ્તા ના ભરેલ હોય જેથી નોટીસ દિલીપકુમારનાં ઘરે આવતા, દિલીપકુમારે રેવન્યુ રેકર્ડ તપાસ કરતા સદર આરોપીએ આ સ્તવન અવીશા કરાર નં-૬૬૨/૨૦૧૪ તા.૧/૨/૨૦૧૪ કરી આપી અને ઉપરોક્ત મિલ્કત ઉપર અગાઉ ઇન્ડીયા બુલ્સ ફાઇનાન્સ કંપની પાસેથી મીહીર તથા શ્રેણીકભાઇ શેઠ રજીસ્ટર બાનખત કરી આપેલ હોવા છતા રૂપિયા ૭૭,૯૮,૫૩૯/- અંદાજીત લોન મંજુર કરાવી પૈસા મેળવી લઈ, ડૉ.દિલીપકુમારને સ્તવન અવીશા ફલેટ નં-બી-૪૦૩ ના વેચાણ દસ્તાવેજ કરી આપી, ડૉ.દિલીપકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાનીતપાસ પો.ઇ.શ્રી જે.ડી.ડાંગરવાલા ચલાવે છે.

વટવા : રાકેશભાઇ બાબુલાલ પ્રજાપતિ **(ઉ.વ.૩૯)(**રહે**,**રાજા મહેતાની પોળ કાલુપુર ટંકશાળ રોડ**)** એ **તા.૯/૯/૧૭ નારોજ વટવા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માર્ચ**/**૨૦૧૬ થી આજદીન સુધી નાં સમયગાળા દરમ્યાન **આરોપી** (૧) રવિભાઇ બાલકૃષ્ણભાઇ ડુગ્ગર (૨) કુલશેખરભાઇ ઉર્ફે શેખર કુલદીપભાઇ બોથરા (૩) કુલદીપભાઇ મન્નાલાલ બોથરા (ત્રણેય રહે, શ્રીનીધી એપાર્ટમેંટ આમ્રકુંજ સોસાયટી કાંકરીયા મણીનગર) ભેગામળી તેઓની સ્કીમના પ્રથમ હરાજીના રોકડા રૂપિયા ૧૫ લાખ મેળવી જેમાંથી ૧૨ લાખ પરત નહીં આપી તેમજ રાકેશભાઇ એ આરોપીઓની સ્કીમમાં ભરેલ હપ્તાની રકમ ૭ લાખ રૂપિયા લઇ, કુલ રૂપિયા ૧૯ લાખ મેળવી લઇ, આરોપીઓની નારોલ મુકેશ ઇંડસ્ટ્રીઝ સામે રાજભાઇ પટેલ ટીમ્બર માર્કેટમાં આવેલ એમ.ડી.એંટરપ્રાઇઝ નામની ઓફીસ બંધ કરી ત્રણેયનાં મોબાઇલ પણ બંધ કરી નાસી જઇ, રાકેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ **પો.સ.**ઇ.શ્રી આર.જે.ઠુમ્મર ચલાવે છે.

<u>લુંટ:-</u> <u>સમાચાર યાદી નં.૧૮૩૦/૧૭</u>

**રામોલ :** સુમનબેન વા/ઓ જશુભાઈ રાજપુત (ઉ.વ.30) (રહે,સોમનાથ સોસાયટી, તક્ષશીલા રોડ ઓઢવ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૯/૧૭ નાં કલાક ૧૨/૦૦ થી ૧૨/30 સુધીનાંસમયગાળા દરમ્યાન આરોપી (૧) દિનેશગીરી ઉર્ફે ડી.જી. (૨) ભૈરવ (બંને રહે,સુમીન પાર્ક) ભેગામળી સુમનબેનને પોતાની પત્નીને બોલાવવા પોતાનાં ઘરે મોકલી, સુમનબેનનાં ઘરની તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૭૨,૫૦૦/- મતાની લુંટ કરી લઇ ગયા છે. આ ગુનાનીતપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**નરોડા :** મુકેશકુમાર ચતુરભુજ ચૌધરી(ઉ.વ.30)(રહે.જાટોકા ખેદા મોડી પંચાયત તા.વલ્લભનગર જી.ઉદેપુર રાજસ્થાન) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૯/૧૭ બપોરનાં ૪/30 વાગ્યાનાં સુમારે ત્રણ અજાણ્યા ઇસમો (જેના નામઠામની ખબર નથી તે) ભેગામળી નરોડા પાટીયા ગુરૂકૃપા ટ્રાવેલ્સની ઓફીસ આગળ મુકેશકુમાર સાથે ઝઘડો કરી, ગડદાપાટુનો માર મારી, મુકેશકુમારની સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મતાની લુંટ કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.યાદવ ચલાવે છે.

<u>નજર ચુકવી ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૩૧/૧૭</u>

**ખાડીયા :** હંસાબેન વા/ઓ રણજીતભાઈ જોષી (રહે, શાલ્વી શીવેષ ગોપાલબાગ સોસાયટી ભૈરવનાથ બસ સ્ટેન્ડ પાછળ મણીનગર) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.3/૮/૧૭ સાંજનાં ૬/30 થી ૭/30 વાગ્યા દરમ્યાન સારંગપુર રણછોડજીના મંદિર ખાતેઆરતીનાં સમયે ભીડનો લાભ લઈ, હંસાબેનની નજર ચુકવી કોઈ અજાણી વ્યક્તિ હંસાબેનનાં ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાનીતપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.પરમાર ચલાવે છે.

**<u>ધાબા ઉપરથી પડી જતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૨/૧૭</u>**

**ઇસનપુર :** રાજેન્દ્રભાઈ ચમનભાઈ પરમાર(ઉ.વ.૩૫)(રહે,મીરા સ્લમ કવાર્ટસ, મણીનગર) તા.૯/૯/૧૭ નાં કલાક ૧/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે ધાબા ઉપરથી પડી જતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૩/૧૭</u>**

**દાણીલીમડા :** રામચન્દ્રભાઇ કવરજી સીંધી (ઉ.વ.૬૦)(રહે,દેવ ફાર્મ પાસે આવેલ પોતાની ઓરડીમાં નારોલ) એ પોતાની બીમારીથી કંટાળી જઇ તા.૯/૯/૧૭ બપોરનાં ૧/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે ગળે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનોદકુમાર થાવરાજી ચલાવે છે.

**ઇસનપુર :** મોહીત શંકરદાસ રાજપુત (ઉ.વ.૨૩)(રહે.શક્તી ટેનામેન્ટ મ્યુનીસીપલ સ્કુલની પાછળ ઇસનપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૯/૯/૧૭ નાં કલાક ૩/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધીગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ જીવાભાઈ ચલાવે છે.

**રીવરફ્રન્ટ (વેસ્ટ) :** નયનભાઇ રસીકભાઇ ઝાલા (ઉ.વ.૩૧)(રહે,રોહીતનગર, ન્યુ સીવીલ હોસ્પીટલ પાછળ શાહીબાગ) એ કોઇ અગમ્ય કારણસર તા.૯/૯/૧૭ સાંજનાં ૭/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે નહેરૂબ્રીજ થી ગાંધીબ્રીજ વચ્ચે સીડી નં-૨૮ પાસે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.